




## થરાની ધનાસરી તરફ જવાનો રસ્તો છે ટુંકો પણ ખખડધજ

થરાનગરપાલિકાના સુદજીપાટીની પ્રા. શાળા ધનાસરીમાં આવેલ છે. જ્યાં થરા-રાધનપુર હાઈવે રોડથી ધનાસરી જવા માટેનો રસ્તો કેટલાય સમયથી અધુરો પડ્યો છે. જ્યાં બસ સ્ટેશન કે બોર્ડની કોઈ પણ જાતની વ્યવસ્થા નથી જેથી કરી લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. પરંતુ તંત્રની ઢીલી નીતિના કારણે વિદ્યાર્થીઓ રાહદારી અને વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. જો કે થરા રાધનપુર હાઈવે ઉપર હોટલ પતંગની બાજુમાંથી આ રસ્તો નજીક છે. પરંતુ ત્યાં કોઈ પણ પ્રકારનું ધનાસરીનું બોર્ડ કે બસ સ્ટોપ નથી જેથી લોકો ઘણી વખત બીજી અન્ય જગ્યાએ ઉતરવુ પડે છે. આમ તંત્રની આડોડાઈ અને નગરપાલિકાના અંધેર વહિવટના કારણે લોકો પરેશાનીમાં મુકાયા છે. જેથી કરી તંત્ર દ્વારા ધનાસરીનો અધુરો રસ્તો યુદ્ધના ધોરણે બનાવી લોકહિત માટે કરે તે જરૂરી એવી લોક લાગણી સાથે માંગણી ઉઠવા પામી છે. તો શું હવે તંત્ર આ રસ્તો બનાવશે કે પછી લોકોને હાલાકીનો સામનો કરવાનો રહેશે તે જોવું રહ્યું.

# વિશ્વમાં ડંકો વગાડનાર અરવલ્લીના બે દિવ્યાંગ ક્રિકેટરોને જીવવાના ફાંફા

અરવલ્લી, તા. ૬

વિશ્વમાં ખેલ જગતમાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડીઓમાં ભારતમાં ક્રિકેટ રમતા કેટલાક ખેલાડીઓના નામ ટોચ પર છે. ભારતના ક્રિકેટરોને દેશવાસીઓ ભગવાનની નજરે જુએ છે. બીજીબાજુ બ્લાઈન્ડ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં દેશ અને ગુજરાત રાજ્યને વિશ્વમાં નામના અપાવનાર અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના પીપરાણા ગામના ભલાજી ડામોર અને ભિલોડા તાલુકાના લુસડિયા ગામના વિકાસ પટેલ બે ક્રિકેટરો જીવનનિર્વાહ ચલાવવા રીતસરના ફાંફા મારી રહ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૪ ફેબ્રુઆરીએ સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે યોજાયેલા અંદજન ક્રિકેટરોના ટી-૨૦ વર્લ્ડ કપની ભારત-શ્રીલંકા વચ્ચેની મેચમાં હાજરી આપી દિવ્યાંગ ક્રિકેટરોને બીરદાવ્યો હતો ત્યારે અરવલ્લી જિલ્લાના બન્ને અંધજન ક્રિકેટરો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી એક નજર તેમની તરફ પણ નાખે તેવુ ઈચ્છી રહ્યા છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા તેમને સહાય





કરવામાં આવે તેવુ પરિવારજનોએ જણાવ્યુ હતુ.

૨૦૧૨માં રમાયેલ ટી-૨૦ વિશ્વકપ અને ૨૦૧૪માં રમાયેલ વર્લ્ડકપ અને ૨૦૧૪માં જ સાઉથ આફ્રિકામાં રમાયેલ મહત્વની ટૂર્નામેન્ટમાં ભારતને વિશ્વવિજેતા બનાવવામાં મુખ્ય ભૂમિકા ખેલાડી તરીકે નીભાવનાર ભિલોડા તાલુકાના વિકાસ પટેલ અને માલપુર તાલુકાના પિપરાણા ગામના વતની ભલાજી ડામોરે ૧૯૯૮માં નવી દિલ્હી ખાતે સાત દેશોના અંધ ક્રિકેટ ખેલાડીઓની ટીમ સાથે વિશ્વકપ રમી બધીજ મેચોમાં સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરી સાઉથ આફ્રિકા સામે રમાયેલા ફાઈનલ મેચમાં ભારતને વિજય બનાવી મેન ઓફ ધ સીરીઝનો તાજ ધારણ કરનાર ખેલાડી સહિત બન્ને અંધજન ક્રિકેટરોની હાલત દયનીય છે. ભલાજી ડામોરની ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ, ગુજરાત ક્રિકેટ એસોસીએશન અને રાજ્ય રમત-ગમત મંત્રાલય તરફથી યોગ્ય સહાય ન મળતા ખેતમજૂરી અને ભેંસો ચરાવી જીવન ગુજરાન ચલાવવા માટે મજબૂર બન્યા છે. વિકાસ પટેલ નામનો અન્ય અંધજન ક્રિકેટર પણ સરકાર દ્વારા કે ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા રોકડ સહાય ન ચૂકવતા જીંદગીના કપરા ચઢાણો ચઢી રહ્યો છે. બન્ને દિવ્યાંગ ક્રિકેટરોએ ક્રિકેટ જગતને તેમની ઉપેક્ષા કરવા બદલ અલવીદા કરી ચૂક્યા છે. ગરીબીમાં ઉછેરેલા બન્ને ક્રિકેટરોના પરિવારજનોએ અંધજન ક્રિકેટ ટૂર્નામેન્ટોમાં વિશ્વકક્ષાએ ગૌરવ અપાવતા સામાન્ય ક્રિકેટરોની જેમ તેમની પણ જીંદગી બે પાંદડે થશે તેવી આશાઓ ઠગારી નિવડતા નિરાશા ફેલાઈ છે. અરવલ્લી જિલ્લાના પ્રજાજનો બન્ને અંધજન ક્રિકેટરોને સરકાર દ્વારા રોકડ સહાય ચૂકવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજ્યના રમત-ગમત મંત્રાલય અને સ્પોર્ટ સચિવ બન્ને ખેલાડીઓની વહીવટીતંત્ર દ્વારા મુલાકાત લઈ બંને અંધ ક્રિકેટરોને જીવનનિર્વાહ ચલાવવા પડતી હાલાકી અંગે યોગ્ય સહાય કરી માનવતા દાખવે તે ખૂબ જ જરૂરી છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના દિવ્યાંગ લોકો અને ખેલાડીઓ માટે વિવિધ સરકારી સહાયોની જાહેરાતો કરવામાં આવી રહી છે ત્યારે દેશના વડાપ્રધાનના વતન રાજ્યમાં જ બન્ને દિવ્યાંગ ક્રિકેટ ખેલાડીઓની હાલત સરકારી સહાય માત્ર કાગળ અને જાહેરાતોમાં જ હોય તેવું અનુભવી રહ્યા છે.

# અરવલ્લીમાં કોમ્પ્યુટર ઓપરેટરોએ કાયમી નોકરી સાથે અન્ય સરકારી લાભોની માંગ સાથે રેલી યોજી

### છેલ્લા દસ વર્ષ કરતા વધુ સમયથી કામ કરતા આ કર્મચારીઓએ મૌન રેલી યોજી ન્યાયની માંગ ઉઠાવી

અરવલ્લી જિલ્લાની ૨૬૭ જેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કેટલાય સમયથી ફરજ બજાવતા ૨૬૭ કર્મચારીઓએ આજે પોતાના કાયમી કરવા અને સરકારી લાભો મળે તે મુદ્દે મૌન રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતુ. તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા સરકારના વિવિધ ક્ષેત્રોમાં ભરતી કરાયેલા પાંચ વર્ષના ફિક્સ પગારદારોના વેતનમાં સુધારો કરી સરકારી કર્મચારીને મળતા તમામ લાભો આપવાની જાહેરાત કરી છે. ત્યારે આ જાહેરાતમાં રાજ્યની ગ્રામ પંચાયતોમાં કામ કરતા કોમ્પ્યુટર ઓપરેટરોનો સમાવેશ કરાયો નથી.

આ મામલે આજે અરવલ્લી જિલ્લાની ૨૬૭ જેટલી ગ્રામ પંચાયતોમાં છેલ્લા દસ વર્ષ કરતાં વધુ સમયથી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા ૨૬૭ જેટલા કર્મચારીઓએ પોતાને કાયમી નોકરીયાત તરીકે નિમણુંક મળે અને અન્ય કર્મચારીઓની જેમ મળતાં તમામ સરકારી લાભો તેમને પણ મળે તેવી રજુઆત સાથે આજે મોડાસાના માલપુર રોડ પર આવેલ શાસ્ત્રી મેદાનથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી એક મૌન રેલી યોજી હતી. જેમાં અરવલ્લી જિલ્લા ગ્રામ પંચાયત સાહસિક મંડળના પ્રમુખ કિરીટભાઈ પટેલ સહિત કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતુ.



## ભિલોડા શ્રી ઉત્તર બારેશી આંજણા પટેલ સમાજનો ૧૫મો સમુહ લગ્નોત્સવ યોજાશે

ભિલોડા,તા.૬

ભિલોડા શ્રી ઉત્તર બારેશી આંજણા(ચૌધરી) પટેલ સમાજનો ૧૫મો સમુહલગ્નોત્સવ અર્બુદા સમાજવાડી ધોલવાણી ગામમાં યોજાશે. ભિલોડા શ્રી ઉત્તર બારેશી આંજણા(ચૌધરી) પટેલ સમાજ મંત્રી કચરાભાઈ એમ.પટેલે જણાવ્યું હતું કે બેટી બચાવો, બેટી પઢાવો, સામાજીક બિનજરૂરી ખર્ચાઓ ઘટાડો કરો, સમાજનો વિકાસ કરવો એજ આપણું લક્ષ્ય હોવું જોઈએ તેમ જણાવ્યું હતું. ૨૪ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે. ભિલોડા શ્રી ઉત્તર બારેશી આંજણા(ચૌધરી) પટેલ સમાજ સમુહ લગ્નોત્સવ સમિતી, કાર્યકરો, નવયુવકો ધ્વારા ૧૫મો સમુહલગ્નોત્સવની તાડામાર તૈયારીઓ ચાલી રહી છે. ધોલવાણી ગામના સંત રામજીબાપા, ટોરડા સ્વામીનારાયણ મંદીર મહંત કૃષ્ણપ્રસાદજી મહારાજ પ્રભુતામાં પગલા પાડનાર ૨૪ નવયુગલોને આશીર્વચન આપશે.




ગુજરાત સરકાર ધ્વારા સંચાલિત નેશનલ ઓરલ હેલ્થ પ્રોગ્રામ ટીમએ ભિલોડા કોટેઝ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.ભિલોડા કોટેઝ હોસ્પિટલ ડેન્ટલ સર્જન ડાં.નેહા પી.શેઠની કામગીરીની પ્રશંસા કરી તેઓની સેવાઓને બિરદાવી હતી.ભિલોડા કોટેઝ હોસ્પિટલ ડેન્ટલ સર્જનએ અગાઉ પણ મોંઢાના કેન્સરના વહેલા નિદાન માટે અરવલ્લી જીલ્લાના તમામ મેડીકલ ઓફીસર, એ.એન.એમ. સ્ટાફ, હેલ્થ વર્કરોને તાલીમ આપી હતી.

## ભિલોડા એમ.એસ.ડબલ્યું. કોલેજમાં બાળ લગ્ન નાબુદી અભિયાન-જાગૃતિ રથનું પ્રસ્થાન

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિચ એમ.એસ.ડબલ્યુ. કોલેજમાં બાળ લગ્ન નાબુદી અભિયાન જાગૃતિ રથ પ્રસ્થાન સંદર્ભે કાર્યક્રમ યોજાયો હતો. સ્ટેટ આઈ.સી.પી.એસ.ટેકનીકલ કન્સલ્ટન્ટ અધ્યક્ષ સ્થાને ભિલોડા, મેઘરજ તાલુકાના ૬૦ ગામોમાં બાળ લગ્ન નાબુદી રથનું પ્રસ્થાન ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, ભિલોડા તાલુકા વિકાસ અધિકારી રાકેશભાઈ પટેલ, મેઘરજ તાલુકા વિકાસ અધિકારી, જીલ્લા બાળ વિકાસ અધિકારી, જીલ્લા બાળ સુરક્ષાના કર્મચારીઓ, એમ.એસ.ડબલ્યું. કોલેજના વિદ્યાર્થીઓ, ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, એમ.એસ.ડબલ્યું. કોલેજ આચાર્ય મિત્તલબેન બરંડાના વરદ્ હસ્તે બાળ લગ્ન નાબુદી અભિયાન રથનું પ્રસ્થાન કરાયુંહતું. ભિલોડા-મેઘરજ તાલુકાના વિવિધ ગામોમાં ફરી લોકોને બાળલગ્ન નાબુદી સહિત વિવિધ પ્રશ્નો સંદર્ભે સમાજમાં જાગૃતિ અર્થે સમજાવી આવનાર દિવસોમાં બાળકોને લગતા પ્રશ્નો અટકાવવાના ભગીરથ પ્રયત્નો હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યુંહતું.



અરવલ્લી જિલ્લામાં આજે રવિવારે રેન્જ આઈજી આર.બી. બ્રહ્મભટ્ટના હસ્તે મોડાસામાં મહિલા પોલીસ મથકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જિલ્લામાં મોડાસા ખાતે ટાઉન પોલીસ સ્ટેશનની નજીક જૂની તિજોરી કચેરી પાછળની જગ્યાએ શરૂ કરાયેલ નવીન મહિલા પોલીસ મથકના લોકાર્પણ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી ઉપરાંત જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોર, પ્રદેશ મંત્રી કનુભાઈ આર. પટેલ, પાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, સહિતના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. મોડાસામાં મહિલા પોલીસ સ્ટેશન શરૂ થતાં મહિલાઓને લગતા કાયદા અને વ્યવસ્થાના પ્રશ્નોની જાગરૂકતાથી નિકાલ લાવવા સક્રિયતા દાખવાશે તેમ રેન્જ આઈજી આર.બી. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું.

# શામળાજી નજીક અણસોલ ગામની સીમમાંથી ૧૩.૬૦ લાખનો વિદેશી દારૂ પકડાયો

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં શામળાજી પાસેના અણસોલ ગામની



સીમમાંથી ટ્રકમાં છુપાવીને લઈ જવાતો વિદેશી દારૂનો રૂ. ૧૩.૬૦ લાખનો જથ્થો પોલીસે ઝડપી લઈ બે આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

શામળાજી પોલીસ મથકના આર્મ પો.કો. આશીર્વાદ નાથાભાઈએ નોંધાવેલ ફરિયાદ મુજબ અણસોલ ગામની સીમમાં પોલીસે નાકાબંધી કરી હતી. દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલ રાજસ્થાન પાસીંગની ટ્રકને પોલીસે રોકી તલાશી હાથ ધરી હતી. પોલીસ તપાસ દરમિયાન આ ટ્રકમાં છુપાવીને લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. જેમાં ગેરકાયદેસર અને વગર પાસપરમીટનો વિદેશી દારૂ અને બીયરની ૩૩૬ પેટીઓમાં ૭૩૪૪ બોટલો કિંમત રૂ. ૧૩,૬૦,૮૦૦નો જથ્થો ઝડપાયો હતો.

પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે પંજાબના ફિરોજપુરના બે આરોપીમાં ટ્રક ચાલક રમેશભાઈ શ્રીદારા ચૌધરી અને કલીનર રાજકુમાર શ્રી મહેતારામ સીંગની અટકાયત કરી વિદેશી દારૂ અને ટ્રક મળી રૂ. ૨૦.૬૧ લાખનો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ પોસઈ આર.ડી. સગરે હાથ ધરી છે.

## ખેડબ્રહ્માંમાંથી બાઈક ચોરાઈ

ખેડબ્રહ્મા શહેરના દેવીનગર વિસ્તારમાંથી ગત ગુરૂવાર રાત્રીના સમયે બાઈક ચોરાઈ ગઈ હતી. જે અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરવામાં આવી હતી. ખેડબ્રહ્મા શહેરના દેવીનગર વિસ્તારમાં રહેતા હનુમાનરામ પન્નાભાઈ પટેલ દેવીનગર વિસ્તારમાં રહે છે અને નગરપાલિકાની ગાયત્રી મંદિર સામે આવેલ દુકાનોમાં કાપડની દુકાન ચલાવે છે. જેમણે ગત ગુરૂવારના રોજ દુકાનેથી આવી પોતાના ઘરના કમ્પાઉન્ડમાં બાઈક હોન્ડા સાઈન નં. જીજે.૯.સીબી. ૭૦૪૯ને મુકી હતી. જે સવારે ઉઠતા કમ્પાઉન્ડમાં જોવા મળી ન હતી. જેથી તેમણે આજુબાજુ તપાસ કરતા બાઈક ન મળી આવતા ખેડબ્રહ્મા પોલીસને જાણ કરી હતી.

# પુંસરી મુકામે શ્રી નવ જ્યોત લિંબચ સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

## ૨૧ નવદંપતિએ પ્રભુતામાં પગલા પાડ્યા

મેઘરજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામે શ્રી મોડાસા જથ નવ જ્યોત લિંબચ સમાજ યુવક મંડળ તથા સમસ્ત મોડાસા જથ લિંબચ સમાજ પરિવાર આયોજિત ૧૫મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૨૧ નવદંપતિએ અગ્નિની સાક્ષીએ ફેરા ફરી પ્રભુતામાં પગલા પાડ્યા હતા.

પુંસરી મુકામે રવિવારના રોજ લીંબચ સમાજનો ૧૫મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૨૧ નવદંપતિએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. સમૂહ લગ્નોત્સવનો પ્રારંભ દિપ પ્રાગટ્ય દેવરાજધામ બાજકોટના ગોસ્વામી ધનેશ્વરગીરી અને લીંબચ સમાજના અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવના સમૂહ મંડપમાં ઠેર ઠેર સ્વચ્છ ગુજરાત, નિર્મળ ગુજરાતના બેનરો લગાવી સમાજના લોકોને સ્વચ્છતાનો સંદેશો આપવાનો અનેરો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમૂહ લગ્નોત્સવમાં સમાજના વડિલો, અગ્રણીઓ અને સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.





## દેવદરબાર જાગીર મઠમાં ત્રિવેણી મહોત્સવના દર્શનાર્થે ભાવિકો ઉમટ્યા

દેવદરબાર જાગીર મઠના ૧૦૦૮ મહંત બળદેવનાથજી મહારાજની રાહબરી હેઠળ યોજાઈ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સાથે ભંડારો ભારતભરના મહંતોની ઉપસ્થિતિમાં ભક્તો દર્શન કરવા માટે પડાપડી ભાગ્યશાળીઓના ભાગ્ય ખુલ્યા કે કાંકરેજની પાવન ધરા પર બિરાજમાન એવા નેપાળ નરેશ ઓગડનાથજી મહારાજના પગલાં અને સુશોભીત ગાયમાતાની ખરીનો સાક્ષાત્કાર થાય છે. એવી પાવનભૂમિ પર થળી મઠના મહંત ૧૦૦૮ જગદિશપુરીજી મહારાજ એવમ આંતરરાષ્ટ્રીય ગાદિપતી મહંતો ખૂબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ પ્રસંગને દિપાવ્યો હતો. જેમાં ભોજન માટે વિશાળ મંડપ અને ૨૦ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. જ્યાં લાખોની સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ ભોજન પ્રસાદનો લ્હાવો લીધો હતો. તા. ૬-૨-૨૦૧૭ને સોમવારે મહોત્સવની પૂર્ણાહુતી કરાશે ત્યારે રાજકિય આગેવાનો સહિત ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ પ્રસંગમાં દેવદરબાર જાગીર મઠના સેવકો સહિત વાઘેલા પરિવારના તમામ લોકો અને અન્ય જ્ઞાતીમાં ઠાકોર સમાજ, પટેલ સમાજ, સહિત તમામ ધર્મપ્રેમી જનતા જનાર્દન આ પ્રસંગમાં મહેમાન બન્યા હતા.